અપીલ અરજી નં.૩ તા.૧–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અરૂણ જે. ઠકકર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ જે. ઠકકરની તા.૧૯–૨–૧૦ ની અરજીથી રાંદેર રોડ વિસ્તારમાં આવેલ વિસ્તારના જુનિયર ઈજનેરશ્રી રસિકભાઈ ટેલરના તાબા હેઠળ આવતો હોય તેમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ જેવી કે બાંધકામ પ્લાન મંજુર કરાવ્યા વગર કે કોર્પોરેશનની પૂર્વ પરવાનગી વગર બાંધવામાં આવ્યા હોય તેની પ્રિમીયમની રકમ કોર્પોરેશન દફતરે જમા કરાવી હોય તો તેની વિગતો મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩/૨૦૧૦–૧૧

શ્રી અરૂણ જે. ઠકકરની તા.૧૯–૨–૧૦ની અરજીથી રાંદેર રોડ વિસ્તારમાં આવેલ વિસ્તારના જુનિયર ઈજનેરશ્રી રસિકભાઈ ટેલરના તાબા હેઠળ આવતો હોય તેમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ જેવી કે બાંધકામ પ્લાન મંજુર કરાવ્યા વગર કે કોર્પોરેશનની પૂર્વ પરવાનગી વગર બાંધવામાં આવ્યા હોય તેની પ્રિમીયમની રકમ કોર્પોરેશન દફતરે જમા કરાવી હોય તો તેની વિગતો મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આઉટ નં./૮૦૦ તા.૧૮–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા બે ટેલર એન્જીનીયર પૈકી સદર કાર્ય વિસ્તારના એન્જીનીયર કેટલા છે તેને લગતી માહિતી જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ તે પ્રસિધ્ધ કરી અરજદારને આપેલ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫ તા.૮–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/પત્ર નં.૪૧ તા.૧૫–૪–૧૦ થી પૂરક વિગતો પૂરી પાડેલ છે.

અરજદારની તા.૧૯–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૦૦ તા.૧૮–૩–૧૦ થી માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧. જુની. ઈજનેર શ્રી રસીકભાઈ ટેલર કેટલા સમયથી આ ઝોનમાં આ પદ ઉપર બીરાજે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જુની. ઈજનેર શ્રી રસીકભાઈ ટેલર તા.૧–૧૧–૦૬ થી વેસ ટઝોનમાં જુની. ઈજનેરના પદ પર ફરજ બજાવે છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) જુની. ઈજનેર શ્રી ટેલર સાહેબના કાર્યકાળ દરમ્યાન કેટલા બાંધકામો પૂર્વ પરવાનગી વગર કે પ્લાન મંજુર કરાવ્યા વગર પૂર્ણ કરવામાં આવ્યા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોન (રાંદેર) માં જુની. ઈજનેર ટેલર બે છે જે અંગે પુરું નામ જણાવ્યેથી જરૂરી વિગત આપી શકાય તેવું જણાવેલ છે. તેવી માહિતી આપેલ છે. (૩) જુની. ઈજનેર શ્રી ટેલર સાહેબે આવા બાંધકામો પૈકી કેટલા બાંધકામોને નોટીસ પાઠવ્યા બાદ પ્રીમીયમની રકમ કોર્પોરેશનમા જમા કરવા માટે જણાવ્યું છે? તેમાંથી કેટલાએ આ જ દિન સુધી પ્રીમીયમ ભરેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોન (રાંદેર) માં જુની. ઈજનેર ટેલર બે છે જે અંગે પુરું નામ જણાવ્યેથી જરૂરી વિગત આપી શકાય તેવું જણાવેલ છે. તેવી માહિતી આપેલ છે. (૪) જુની. ઈજનેર શ્રી ટેલર સાહેબે આમ નોટીસ પાઠવ્યા બાદ કેટલા બાંધકામોમાં કયા કયા બાંધકામોની પ્રીમીયમ પેટે ભરાવેલી રકમ કેટલી છે? તેની વિગતોની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોન (રાંદેર) માં જુની. ઈજનેર ટેલર બે છે જે અંગે પુરું નામ જણાવ્યેથી જરૂરી વિગત આપી શકાય તેવું જણાવેલ છે. તેવી માહિતી આપેલ છે.(૫) જુની. ઈજનેરશ્રી ટેલર સાહેબે કયા ઝોનમાં કેટલો સમય ફરજ બજાવેલ છે ? કઈ કઈ પોસ્ટ ઉપર ફરજ બજાવી છે? તેમજ તેમના ફરજ સમય દરમ્યાન તેમની નોંધ પાત્ર કામગીરી તથા તેમના ઉપર કોઈ નોટીસ કે શિક્ષાત્મક પગાલ લેવાયા હોય તો કયા કારણોસરતે પગલા લેવાયા છે.? તેની માહિતી પણ આ સાથે આપવા નમ્ર અરજ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોન (રાંદેર) માં જુની. ઈજનેર ટેલર બે છે જે અંગે પુરું નામ જણાવ્યેથી જરૂરી વિગત આપી શકાય તેવું જણાવેલ છે. તેવી માહિતી આપેલ છે.(૬) આપના તાબાના જુની. ઈજનેર શ્રી રસીકભાઈ ટેલર પણ શું કતારગામઝોનમાં તાજેતરમાં એસીબીમાં પકડાયેલ કર્મચારીએ આપેલ નિવેદન મુજબ " ઉપર વહીવટ કરવાને હોવાને કારણે પૈસા લેવા પડે છે" એવું નિવેદન આપ્યું હતું આ રીતે ગેરકાયદેસર બાંધકામ બાબતે શ્રી ટેલર સાહેબ પણ આંખ આડા કાનની નીતી અપનાવે છે. કે પછી અન્ય કોઈ કારણસર આવી ઢીલી નિતી અપનાવે છે? તેની માહિતી પણ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અરજીમાં માંગેલી માહિતી માટે એક જ અટક ધરાવતાં બે જુની. ઈજનેર હોવાનું દર્શાવી જુની. ઈજનેરને બચાવવાનો પ્રયાસ કરાયો છે. પ્રશ્ન નં.૬ માં શ્રી રસીકભાઈ ટેલરે ગેરકાયદેસર બાંધકામ બાબતે જે નીતિ અપનાવી છે તે રેકર્ડ ઉપર નથી તેવું આપે કયા આધારે કહયું છે? તેવું જણાવી તા.૧–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુદ્દા ન.ર થી ૫ માં માંગેલી માહિતી પશ્ચિમઝોન

રાંદેરની કચેરીમાં જુની. ઈજનેર તરીકે બે ટેલર ફરજ બજાવે છે. જેમાં મુદ્દા નં.૧ અને ૬ માં પુરું નામ દર્શાવેલ છે જયારે મુદ્દા નં.૨ થી ૫ માં કયા વિસ્તાર માટે પ્રશ્ન પુછેલ છે તેમજ વિસ્તારની વિગતમાં પણ દર્શાવેલ ન હોવાથી કયા જુની. ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તે સ્પષ્ટ થતું ન હોવાથી માહિતી અધૂરી હોવાથી જવાબ આપેલ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં જણાવેલ જુની. ઈજનેર શ્રી રસીકભાઈ ટેલર નો ઉલ્લેખ પ્રથમ મુદ્દામાં કરેલ હોય ત્યાર પછીના મુદ્દાઓ અંગે પણ સામાન્ય રીતે તેનો સંદર્ભ રહેલો હોય છે. આથી અરજદારને તે સંદર્ભ ધ્યાનમાં રાખી જુની. ઈજનેર શ્રી રસીકભાઈ ટેલરને મુદ્દા ન.૨ થી ૫ ની નહીં પૂરી પડાયેલી માહિતી તથા મુદ્દા નં.૬ માં અરજદારે મજકુર કર્મચારી બાબતે ફરીયાદને લગતી જણાય છે. કોઈ ચોકકસ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી પરંતુ અરજદારે વિષયમાં પણ શ્રી રસિકભાઈ ટેલરને લગતી માહિતી માંગ્યાનું તથા મુદ્દા નં.૧ અને ૬ માં પણ તેમનો જ ઉલ્લેખ છે તે ધ્યાને લેતાં રસિકભાઈ ટેલરને લગતી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપવા પાત્ર થાય તેવું પ્રતિપાદિત થાય અરજદારે અપીલ તબકકે પણ તે પરત્વે જ ભાર મુકેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી પૈકી મુદ્દા નં. ૨ થી ૫ ની જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૬ અંગે મજકુર કર્મચારીની ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ જે. ઠકકર,